# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

## કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ.બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

**Phone No.(02742) 257055** **Email Id: bnsdeo@gmail.com**


ક્રમાંક:- મા.વિ.૨/વર્ગ વધારો/વશી/૨૦૨૧ /૨૯૧૧૨-૨૯૩૦૦ તા. ૧૪-૦૭-૨૦૨૧

પ્રતિ,

પ્રમુખ/મંત્રીશ્રી ,

શાળા સંચાલક મંડળ (તમામ)

C/O

આચાર્યશ્રી

બિનસરકારી અનુદાનિત માધ્ય. અને ઉ.માધ્ય. શાળાઓ(તમામ),

જિ.બનાસકાંઠા.

**વિષય:-** વર્ગ વધારાની હંગામી જરૂરીયાત અન્વયે સૂચના બાબત.

**સંદર્ભ:-** ૧. નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- ઉમશ/ઉમા-૩/વ.મ./૨૦૨૧ /૪૭૯૫-૪૮૩૦,તા. ૦૯/૦૭/૨૦૨૧

૨. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:- મા.વિ.૨/વર્ગ વધારો/વશી/૨૦૨૧/૨૭૦૯૮-૨૮૬, તા. ૦૯-૦૭-૨૦૨૧

૩. નાયબ શિક્ષણ નિયામક (૧૦+૨) ખાસ ઘટકના પત્ર ક્રમાંક:- ઉમશ/ઉમા-૩/વર્ગ મંજુરી/ ૨૦૨૧/૪૮૯૦-૪૯૨૩,તા.૧૩/૦૭/૨૦૨૧

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જુન-૨૦૨૧થી બિનસરકારી અનુદાનિત માધ્ય. અને ઉ.મા શાળાઓમાં ધો-૯ અને ૧૦ના વર્ગ વધારા,ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧ અને ૧૨ના વર્ગ વધારાની અરજી કરવા અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે મુજબ સંદર્ભપત્ર -૦૧ અન્વયે અત્રેની કચેરીના સંદર્ભપત્ર-૦૨થી જરૂરી સુચનાઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવા જણવવામાં આવેલ પરંતુ સંદર્ભપત્ર-૦૩થી મળેલ સૂચના મુજબ જે શાળાઓમાં વર્ગ વધારાની જરૂરીયાત માસ પ્રમોશનના કારણોસર ઊભી થયેલ હંગામી જરૂરીયાત હોય તો તેવી શાળાઓએ વર્ગ વધારાની મંજુરી અંગે અન્ય સૂચના ન મળે ત્યાં સુધી ઓનલાઈન દરખાસ્ત ન કરવા અંગે જણવવામાં આવે છે. જેની ખાસ નોંધ લેશો.

NB

જિલ્લાશિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

**નકલ રવાના:-** શિ.નિ./મ.શિ.નિ.શ્રી તમામ સદર કચેરી,
૨/- બીટ સંબંધિત શાળાઓને ઉક્ત વિગતે જરૂરી સૂચના આપવા સારૂ.

Scanned with CamScanner

અગત્યનું

ક્ર:-ઉમશ/ઉમા-૩/વર્ગમંજુરી/૨૦૨૧/4890-4923
કમિશનર, શાળાઓની કચેરી,
બ્લોક નં ૯/૧ ડૉ જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર
તા.13/૭/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ,

વિષય :-વર્ગ વધારાની હંગામી જરૂરીયાત સંદર્ભે સૂચના આપવા બાબત.

સંદર્ભ:- આ કચેરીના પત્ર ક્ર:- ઉમશ/ઉમા-૩/વ.મ./૨૦૨૧/૪૭૯૫-૪૮૩૦ તા. ૯/૭/૨૦૨૧

ઉપરોકત વિષય અને પરત્વે જણાવવાનું કે,રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૧ થી ધોરણ- ૯/૧૦ ના વર્ગ વધારા ધોરણ- ૧૧ પ્રથમ ક્રમિક ( સળંગ એકમ ) ધોરણ-૧૨ ક્રમિક વર્ગ તથા ધોરણ- ૧૧/૧૨ ના વર્ગ વધારાની અરજી કરવા અંગેની જાહેરાત તા.૫/૭/૨૦૨૧ ના રોજ સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેરાત સંદર્ભે સંદર્ભદર્શિત પત્રથી આપેલ સૂચનાઓમાં સૂચના નંબર-બે (૨) અનુસાર વર્ગ વધારાની જરૂરીયાત માસ પ્રમોશન ના કારણે ઉભી થયેલ હંગામી જરૂરીયાત હોય તો શાળાઓને ઓન લાઇન દરખાસ્ત ન કરવા અંગે સૂચના આપવા જણાવવામાં આવેલ.

તદઉપરાંત તા.૯/૭/૨૦૨૧ની વિડીઓ કોન્ફરન્સમાં પણ ઉકત બાબતે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવેલ હતી.

માસ પ્રમોશનના કારણે ઉભા થયેલ વર્ગવધારાની જરૂરીયાત સંદર્ભે કામ ચલાઉ એક વર્ષ પુરતી મંજુરી આપવા અંગેની દરખાસ્ત શિક્ષણ વિભાગમાં કાર્યવાહીમાં છે. તેથી શિક્ષણ વિભાગની અન્ય સૂચના ન મળે ત્યાં સુધી હંગામી જરૂરીયાત વાળા વર્ગો ( ધોરણ-૧૧ પ્રથમ તેમજ ધોરણ- ૧૧ વર્ગ વધારા) ની માંગણી કે રજૂઆત આપની સંમક્ષ આવે ત્યારે આવા વર્ગોની માંગણી માટે ઓન લાઇન દરખાસ્ત ન કરવા આપના તાબાની તમામ શાળાઓને સૂચના આપવાની તજવીજ સત્વરે હાથ ધરવા જણાવવામાં આવે છે. આ બાબતે જુદી જુદી શાળાઓ તરફથી વારંવાર આ બાબતે અત્રેની કચેરી ખાતે પૃચ્છા થતી હોવાથી આપને આ સૂચના આપવાની ફરજ પડી છે.

નાયબ શિક્ષણ નિયામક
(૧૦+૨) ખાસ ઘટક
ગુ. રા. ગાંધીનગર

13/7

Scanned with CamScanner

Scanned with CamScanner